**પાટણના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.પાટણ.**

**ફોજદાર કેસ નં. ૭૨૦/૨૦૨૬,આંક –૧ લગત હુકમ**

આરોપીની પાથમિક પ્લી નોંધતા પુછપરછ કરતા પોતે ગુનો કબુલ કરતા હોય તેમજ આરોપીએ અલાયદી ગુનાની કબુલાત પુરશીશ રજુ કરેલ છે.આરોપીને તેઓની વિરુધ્ધના ગુનાની સજાની જોગવાઈની તથા તેઓ ગુનો કબુલ કરવા બંધાચેલ નથી તેવી સમજ પણ કરવામાં આવેલ છે છતા આરોપી ગુનો કબુલ કરવા માંગતા હોય આરોપીની ગુના કબુલાત પુરશીશ રેકર્ડે લેવાનો હુકમ કરવામાં આવેલ છે. સજાના મુદ્દે આરોપીને સાંભળ્યા આરોપી પક્ષે રજુઆત કરેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે ગરીબ માણસ છે તેઓના કુટુંબની જવાબદારી તેઓની ઉપર છે અને ભવિષ્યમાં આવો ગુનો નહી કરવાની ખાતરી આપી ઓછી સજા કરી રહેમ રાખવા જણાવેલ છેઆરોપીએ ગુનો ઈકરાર સ્વેચ્છીક રીતે કરેલ હોય આરોપીની કબુલાત સ્વેચ્વીક હોય હું તેવી કબુલાત સ્વીકારુ છુ આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પછતાવો વ્યકત કરેલ હોય ભવિષ્યમાં આવા આ કામના પ્રકારનો ગુનો નહી કરવાની ખાતરી આપેલ હોય આરપીએ ગુનાનો ઈકરાર કરેલ હોય આઓરપીને સજા કરવી જોઈએ તેમ હુ માનુ છુ આરોપીનો પ્રથમ ગુનો હોય આરોપી કુટુંબનો આધારસ્તંભ હોય આરોપીના કથીત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનો ને થનાર હોય આરોપીએ પારાવાર પસ્તાવ વ્યકત કરેલ હોય ફરી આવો ગુનો નહી કરવાની ખાતરી આપેલ હોય તેમજ કેસના સંજોગો લક્ષમાં લેતાં આરોપીની દારૂણ અવસ્થાને ઉલેખી શકાય નહી આરોપીની સ્થીતી જોતા અને કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લેતાં, આરોપીને વ્યાજબી દંડ કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવું મારુ માનવું છે જેથી ન્યાયના હીતમાં સજા અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) સદર આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે એમ.વી.એકટની કલમ–૧૭૭ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવી **રૂા. ૫૦૦/– (અંકે રૂપિયા પાન્સો)** પુરાનો દંડ જો દંડ ન ભરે તો દિન ૫ (પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવમાં આવે છે.

આ હુકમ આજરોજ, **તા.૧૪મી,** માહે **: માર્ચ,** સને : **૨૦૨૬** ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ **:** પાટણ
તારીખ **:** ૧૪/૦૩/૨૦૨૬

**(નૌશાદ વી. પઠાણ)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાટણ
**(GJ**–01413)

**( S.I.PRAJAPATI )**